* A A I - 4 3 1 0 *

# AAI-4310 Seat No.________

## M. A. (Sem. IV) Examination

## April / May - 2018

## CC-402 : Gujarati

## (ગુજરાતી ભાષાનું અધ્યયન)

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના** : દરેક પ્રશ્ન સમાન ગુણ ધરાવે છે.

૧ ભારતીય-આર્ય ભાષાના વિકાસની પ્રથમ ભૂમિકા સ્પષ્ટ કરો.

**અથવા**

૧ બંને ટૂંકનોંધ લખો :

(૧) પ્રાચીન ભારતીય-આર્યથી મધ્યમ ભારતીય-આર્ય સુધીમાં થયેલાં સ્વર-પરિવર્તનો

(૨) અપભ્રંશથી ગુજરાતી ભાષા ભૂમિકા સુધી આવતાં થયેલાં નામિક - આખ્યાતિક પરિવર્તનો

૨ ગુજરાતી ભાષાના વિકાસના પ્રથમ બે તબક્કાની વિગતો જણાવો.

**અથવા**

૨ બંને ટૂંકનોંધ લખો :

(૧) ગુજરાતી ભાષાના વિકાસનો ત્રીજો તબક્કો

(૨) ગુજરાતી ભાષા ભૂમિકાનાં તેને અપભ્રંશથી જુદી પાડતાં મહત્ત્વનાં લક્ષણો (ધ્વનિ-પરિવર્તન, વ્યાકરણી પરિવર્તન, શાબ્દિક પરિવર્તન)

૩ ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો ચર્ચો.

અથવા

૩ બંને ટૂંકનોંધ લખો :

(૧) ગુજરાતી ભાષાના માન્ય સ્વરો

(૨) ગુજરાતી ભાષાના અનુનાસિક ધ્વનિઓ

૪ કોઈ પણ બે વિશે ટૂંકનોંધ લખો :

(૧) પટ્ટણી બોલી

(૨) ગુજરાતી વાક્ય રચનાના કોઈ પણ ચાર પ્રકાર

(૩) ગુજરાતીના શબ્દભંડોળમાં તત્સમ, તદ્દભવ તથા દેશ્ય શબ્દો

(૪) ગુજરાતી ભાષામાં પદક્રમની વ્યવસ્થા

૫ કોઈ પણ સાત વિશે માંગ્યા મુજબ ટૂંકમાં જણાવો :

(૧) ભારતીય આર્ય ભાષાના વિકાસના કોઈ પણ બે તબક્કાનું નામ તેના સમયગાળા સાથે નોંધો.

(૨) આર્યોની ભાષાનો જૂનામાં જૂનો નમૂનો કયા ગ્રંથમાં મળે છે ?

(૩) સંસ્કૃતથી પ્રાકૃત-અપભ્રંશ ભૂમિકા સુધીમાં મધ્યવર્તી 'ઋ'નો 'અ', 'ઇ' કે 'ઉ' થાય છે. તેને બંધબેસતાં બે ઉદાહરણ આપો.

(૪) ગુજરાતી ભાષા એટલે મુખ્યત્વે કયા પ્રદેશમાં બોલાતી ભાષા ? તેનું મૂળ કઈ ભાષામાં રહેલું છે ?

(૫) અમુક પરિસ્થિતિમાં અપભ્રંશના 'અઈ' - 'અઉ'નું 'ઍ' - 'ઑ' થાય છે. તેનું એક-એક ઉદાહરણ આપો.

(૬) ગુજરાતી ભાષાના વિકાસના પ્રથમ તબક્કાની સમય સીમા ક્યાંથી ક્યાં સુધીની ગણવામાં આવે છે ?

(૭) 'સ'-'શ' તથા 'ય'-'વ'નો ધ્વનિપ્રકાર નોંધો.

(૮) જીભના ________ ભાગેથી ________, ________ તથા ________ સ્વર ઉચ્ચારાય છે. (ખાલી જગ્યા પૂરો.)

(૯) 'મ', 'ય', 'ળ', 'આ', 'ટ', 'ઈ', 'ફ', 'ર', 'વ', 'ન' - માંથી બે સ્વર તથા બે અર્ધસ્વર તારવી બતાવો.

(૧૦) વાક્યની વ્યાખ્યા આપો.

(૧૧) ધ્વનિ-પરિવર્તનમાં સમીકરણ વ્યાપાર કોને કહે છે તે નોંધી તેનું એક ઉદાહરણ આપો.

(૧૨) ગુજરાતી શબ્દ ભંડોળ જોતા, બે બિનભારતીય ભાષાના તથા બે ભારતીય ભાષાના, એમ કુલ ચાર ઉછીના શબ્દો (Lonewords) નોંધો.

---